# પાલનપુર નગરપાલિકાનું આગામી વર્ષનું બજેટ પાસ કરાયું

**'વિપક્ષનો વોકાઉટ' પ્રમુખ ચીફ ઓફિસર સભામાંથી બહાર બજેટ બેઠક મજાક પુરવાર... : એજન્ડા મુજબ કાર્યવાહી કર્યા વિના સભા ૫ મિનિટમાં પૂરી..! :ગત વર્ષે વિપક્ષે ૨ હજારની નકલી નોટો ઉછાળી હતી**



પાલનપુર તા.૩૧

પાલનપુરમાં બજેટ બેઠકમાં મંજૂર શબ્દ બોલાયા વિનાજ સભા બરખાસ્ત થઈ હોવાની ઘટના ઘટી છે. વિપક્ષનો જેવો વોકાઉટ માટેનો શબ્દ નીકળ્યો કે પ્રમુખ ચીફ ઓફિસર સભામાંથી બહાર નીકળી ગયા હતા અને બજેટ માટેની બેઠક મજાક પુરવાર થઈ ગઈ હતી.

સભાની શરૂઆત થતાં જ જનતાનગરના રહીશોએ સભામાં આક્રોશ સાથે આવીને ગંદકી મુદ્દે રજૂઆત કર્યા બાદ સમગ્ર કાર્યવાહી અધૂરી છોડી શાસક અને વિપક્ષ બંનેએજન્ડા મુજબ કાર્યવાહી કર્યા વિના હોલમાંથી બહાર નીકળી ગયા હતા.

પાલનપુર નગરપાલિકાની બજેટમાં માટે બુધવારે સાધારણ સભા મળી હતી.જોકે સભાની શરૂઆતમાં જનતા નગરના અરજદારો સભામાં ઘૂસી રમજાન મહિનામાં રોઝા દરમિયાન ગટરો ઉભરાતી હોવાની રજૂઆત કરતાજ મામલો તંગ બની ગયો હતો અને જે બાદ પાલિકા પ્રમુખે સભા ની કાર્યવાહીને ચલાવવાનું જણાવતા જ વિપક્ષના અંકિતા ઠાકોર ઊભા થઈ ને આક્રોશ સાથે ભ્રષ્ટાચારના આંકડાઓ વાળું બજેટ નો બહિષ્કાર કરી વોકાઉટ કરતા એજ વખતે પાલિકા પ્રમુખ કિરણ રાવલ, ચીફ ઓફિસર નવનીત પટેલ સહિત સાશક બોડીના સભ્યો પણ ઊભા થઈ ને જતા રહ્યા અને બજેટ અંગેની કોઈજ ચર્ચા કરાઈ નહોતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,જનતાનગરના રહેશોએ રજૂઆત કરીને જણાવ્યું હતું કે " અમારા વિસ્તારમાં ખુલ્લી ગટરો અને ભૂગર્ભ ગટરોનું પાણી બહાર રોડ ઉપર આવે છે અને દૂષિત પાણીમાં પડી જાય છે. બે દિવસમાં પાલિકાએ આ પ્રશ્નનું નિરાકરણ લાવવું. "પાલિકામાં મહિલાઓનું ટોળું કોણે લાવ્યું ? કોની મંજૂરીથી આવ્યું સહિતના પ્રશ્નો વચ્ચે કોંગી આગેવાનોએ જ સમગ્ર ઘટના અંગે પાલિકા ચીફ ઓફિસરને મળી તુરંત કાર્યવાહી કરવા ચર્ચા કરી હતી ચીફ ઓફિસર નવનીત પટેલે જણાવ્યું હતું કે રજૂઆત કર્તા ખોટા છે તેમણે ભૂગર્ભના ગેરકાયદેસર કનેક્શન લઈ લીધા છે. કોઈપણ રજૂઆત કરતા પહેલા વેરા ભરવા જોઈએ." તો બીજી તરફ ભૂગર્ભ શાખાના સૂત્રોએ જણાવ્યું હતું કે " જે રજૂઆત છે તે ગટરોની છે એટલે અમારા લેવલે કશું કરવાનું નથી. જનતાનગર વિસ્તારમાં લોકોએ ગેરકાયદેસર કનેક્શન ભૂગર્ભમાં મેળવી લીધા છે પરંતુ તેમ છતાં જ્યાં પ્રશ્ન હોય છે ત્યાં દોડીને રીપેરીંગની કામગીરી કરવામાં આવે છે."

**અગાઉ સભામાં નગરસેવકે સમય ફાળવવા રજૂઆત કરી હતી : શહેરમાંથી ૩૫ વર્ષ જૂની પાણીની પાઇપલાઇન કાઢીને ૭૮ કરોડના ખર્ચે નવી નંખાશે : પાલિકામાં વર્ષ દરમિયાન ૮૨.૪૫ કરોડ ખર્ચ થશે.**

**નુક્સાનીના ૨ સર્વે પૂરા થયા ત્યાં ત્રીજા સર્વેની નોબત**

# જિલ્લામાં રામનવમીના દિવસે કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસ્યું

**તૈયાર ખેતીપાક બચાવવા ખેડૂતોનો રઝળપાટ જોવા મળ્યો : ઈડર, વિજયનગર, પોશીના, ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૫ મિમી સુધીનું કમોસમી માવઠું**

બાયડ તા.૩૧

છેલ્લા ૨૪ કલાકથી કમોસમી માવઠાનાં ગોરંભાયેલાં વાદળો સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૪ તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં વરસતાં ફરી એકવાર ખેડૂતોનો તૈયાર પાક ભીંજાવવાની સાથે સૂકો ઘાસચારો ભીંજાઈ ગયો છે. તંત્ર દ્વારા નુક્સાનીના ૨ સર્વે હજુ માંડ પૂરા કરી સરકારમાં ચૂકવવા પાત્ર વળતર અંગેની દરખાસ્ત મોકલી છે ત્યાં ફરી એકવાર માવઠાના મારથી ત્રીજા સર્વેની નોબત ઉંબરે આવીને ઉભી છે. જિલ્લાના ઈડર અને વિજયનગરમાં ૨ થી ૫ મિમી સુધી કમોસમી માવઠું વરસ્યાનું જિલ્લા ડિઝાસ્ટર વિભાગે જણાવ્યું છે.

કોણ જાણે કેમ કુદરતે ખેડૂતોને પાયમાલ કરી નાખવાનો નિર્ણય લીધો હોય તે રીતે પાછલા ૨ દાયકામાં પ્રથમ વખત માર્ચ મહિનામાં કમોસમી માવઠાના ઉડોઝથી ખેડૂતો પાયમાલ બની ગયા છે. અગાઉના માવઠાની કળ વળી નથી ત્યાં બુધવાર સમી સાંજથી જિલ્લાના આકાશમાં કમોસમી માવઠાના વાદળ ઘેરાયાં હતાં. વાદળો દેખાતાં ખેડૂતોએ પોતાનાં ખેતી સિવાયનાં તમામ કામ પડતાં મૂકી ખેતરોમાં દોટ લગાવી તૈયાર પાક ઘર અને ગોડાઉનમાં તેમજ સલામત સ્થળે ખસેડવાની શરુઆત કરી હતી. પરંતુ ખેડૂત પણ દિવસ-રાત કેટલું કામ કરે આખરે તે પણ માનવી છે. થોડોક વિસામો લીધો ત્યાં રામનવમીના દિવસે બપોર બાદ જિલ્લાના ઈડર, વિજયનગર, ચોરીવાડ, શામળાજી પંથક સહિતના અનેક



ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસુ બેઠું હોય તે રીતે મેઘગર્જના સાથે કમોસમી માવઠાની શરુઆત થઈ હતી. કેટલાક ગામડાઓમાં તો નિયમિત ચોમાસુ બેઠું હોય તેમ ધાબા અને નળીયામાંથી વરસાદનાં પાણી જમીન ઉપર પ્રસરવા લાગ્યાં હતાં. ખેડૂતોના જણાવ્યા અનુસાર રહ્યો સહ્યો પાક હતો તે પણ હવે ત્રીજા માવઠાના મારથી પ્રભાવિત થઈ ગયો છે. કેટલાક ખેડૂતોએ તો બીજા માવઠા પછી ઘઉંનો પાક કાઢવા માટે તૈયારી કરી અને ખેતરોમાં થ્રેશર ચાલતાં હતાં તે સમયે કમોસમી વરસાદ વરસતાં તૈયાર પાક ભીંજાઈ જતાં ખેડૂતોને હાથ ધોઈ નાખવા પડે તેવી સ્થિતિ જોવા મળી.

**જિલ્લામાં વરસાદ (સાંજના ૪-૦૦ સુધી)**

| તાલુકો | વરસાદ (મિમીમાં) |
| --- | --- |
| ઈડર | ૦૨ |
| વિજયનગર | ૦૫ |

**અરવલ્લીમાં માવઠું વરસ્યું પરંતુ વિભાગ અજાણ**

અરવલ્લી જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ કમોસમી વરસાદ વરસ્યો હતો. બાયડમાં પણ સવારે ૧૧-૦૦ કલાક આસપાસ વરસાદી ફોરાં વરસ્યાં હતાં. ભિલોડાના શામળાજી વિસ્તારમાં પણ કમોસમી વરસાદનાં ફોરાં વરસ્યાં પરંતુ ડિઝાસ્ટર વિભાગ અજાણ હોય તેમ કમોસમી માવઠાની બપોર સુધી જાણકારી ન હોવાનું જણાવ્યું છે.

## તલોદ પંથકમાં ધોધમાર કમોસમ વરસાદના કારણે ખેડૂતોમાં હતાશા

તલોદ, તા.૩૧

તલોદમાં રામલલાના જન્મદિવસે સમી સાંજે ધોધમાર વરસાદ વીજળીના કડાકા, ગર્જના સાથે તૂટી પડ્યો હતો. ખેડૂતોના જવ તાળવે ચોટ ગયા હતા. મોઘાદાટ બિયારતો અને કાળી મજુર કરી તૈયાર થયેલો પાકોમાં વ્યાપક નુકશાન થતા આ પંથકના ખેડૂતોમાં હતાશા છવાઈ હત. ઉછીના પાછીના અને ડેવામાં ડૂબેલા ખેડૂતન છેલ્લી ઘડીએ ઊપજ પાકોમાં પાણી ફરી વળતા વળતરની માંગ સાથે વ્યથા જોવા મળી હતી. બેવડી ઋતુ અને કમોસમી વરસાદના કારણે વાયરલ ફિવરે માથુ ઊંચક્યું છે. ઘરે ઘેર માંદગી છવી હતી. તાવ, માથું, શરીર તૂટવું, ઝાડા, ઊલટી, ચક્કર આવવા જેવી અનેક નાની મોટી બિમારીઓએ સાજા સમા લોકોને ખાટલામાં સુવડાવી દીધા હતા. ઘઉં, તમાકુ અને વરિયાળી જેવા ઊભા પાકોમાં વ્યાપક નુકશાનના કારણે ખેડૂતોની કમર તૂટી જવા પામી છે. નવા બિયારણો અને નવા પાકો માટે તૌયરી કરવા ખેડુતોમાં મોઢામાં આવેલો કોળિયો છિવાઈ ગયો જવી સ્થિતિ આ પથંકમાં બુમરાણ પડી રહી છે.



## પ્રાંતિજ શ્રી વેરાઈ માતાનાં મંદિરે સમુહ આરતી યોજાઈ



પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શ્રી વેરાઈ મંદિરે આધશકિત આરાધના પર્વ ચૈત્રી નવરાત્રી ના આઠમાં દિવસે સમુહ આરતી યોજાઈ હતી જેમાં એક હજાર થી પણ વધારે લોકોએ માંની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ નાનીભાગોળ આરામગુહ પાસે આવેલ શ્રી વેરાઈ માતાનાં મંદિર ખાતે મંદિર વ્યવસ્થા કમીટી દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ માંના ચોક માં સમુહ આરતી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુ માંથી રહેતાં ધર્મપ્રેમીઓ દ્વારા સમુહ આરતી માં ભાગ લઈ મા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી તો મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષેપણ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પણ ઉપસ્થિત રહીને માના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## ડીસામાં ખાણીપીણીની ચીજો વેચતા ૩૬૪ સ્થળોએ આકસ્મિક તપાસણી

**અખાદ્ય ચીજવસ્તુઓ વેચતા અને ગંદકી ફેલાવતા વેપારીઓ દંડાયા**

ડીસા, તા. ૩૧

ડીસામાં વધી રહેલા રોગચાળાને ડામવા માટે તંત્રે કવાયત હાથ ધરી હતી.જેમાં આરોગ્ય વિભાગ, નગર પાલિકા અને પોલીસની ટીમોએ સંયુક્ત રીતે દરોડા પાડી શહેરમાં ગંદકી અને હલકી ગુણવત્તાવાળી ચીજ વસ્તુઓ વેચતા વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી. ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી વાયરલ ફીવરના કેસોમાં ખૂબ જ વધારો થયો છે અને આ વધી રહેલા રોગચાળાને અટકાવવા માટે તંત્ર સાબદુ બન્યું છે. જેમાં આજે ડીસામાં આરોગ્ય વિભાગ, નગરપાલિકા અને પોલીસની ટીમોએ સાથે કામગીરી હાથ ધરી શહેરમાં વોર્ડ વાઈઝ સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં નાસ્તાની લારીઓ, હોટેલ, ઠંડા પીણા, બરફની ફેક્ટરીઓ, શેરડીના કોલા અને પાર્લર પર દોરડા પાડ્યા હતા, તેમજ પાણીનો ભરાવો થઈ પોરા થતાં હોય, ગંદકી હોય કે હલકી ગુણવત્તાવાળી ચીજ વસ્તુઓનું વેચાણ કરતા હોય તેવા વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. દિવસ દરમ્યાન શહેરમાં અલગ અલગ ટીમો થકી કુલ ૩૬૪ જેટલી જગ્યાએ તપાસ કરી હલકી ગુણવત્તાવાળી ખાણીપીણીની ચીજ વસ્તુઓ મળી આવતા તેનો નાશ કર્યો હતો અને વેપારીઓને દંડ ફટકાર્યો હતો અને બીજી વાર આવી ભૂલ ન કરે તે માટે કડક સૂચના પણ આપવામાં આવી હતી.

## મોડાસા સાંઈ મંદિરમાં ૧૦૧ કિલો શુદ્ધ સુકામેવા અને મીઠાઈની કેક અર્પણ

**અરવલ્લી જિલ્લામાં ચૈત્ર અષ્ટમીની ઠેર ઠેર ઉમંગભેર ઉજવણીઃ મોડાસા સાંઈ મંદિરે ૧૦૧ કિલો શુદ્ધ સુકામેવા અને મીઠાઈની કેક અર્પણ : ભાવિકો દેવ મંદિરોમાં જઇ માથું ટેકવી દર્શન કર્યા**

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લા માં ભગવાન રામના જન્મદિવસની ઉજવણી ઠેર ઠેર ભક્તિભાવ પૂર્વક હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી ચૈત્ર સુદ નોમનો દિવસ સાંઈબાબા અને સ્વામિનારાયણ ભગવાનના જન્મદિનની ઉજવણી પણ ધામધૂમ પૂર્વક કરવામાં આવે છે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરે ભગવાન રામ અને સાંઈબાબાના જન્મદિવસની ઉજવણીમાં ૧૦૧ કિલો સૂકા મેવા અને માવામાંથી બનાવેલી કેક ધરાવી પૂજા અર્ચના બાદ કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી આ ઉજવણીમાં મોટી સંખ્યામાં શહેર અને જીલ્લાના ભક્તો જોડાયા હતા અને વહેલી સવારથી મોડી રાત્રી સુધી દર્શનનો લાભ લીધો હતો


રામનવમીના દિવસે મોડાસા શહેરમાં ૨૯ વર્ષ પહેલા ૧૯૯૨ માં શિરડી સાઈબાબા સત્સંગ મંડળ દ્વારા સાઈબાબા મંદિર ની સ્થાપના મોડાસા શહેરમાં ઓધારી તળાવની બાજુમાં કરવામાં આવી હતી જેનો






પાટોત્સવ રામનવમીના દિવસે ઉજવણી કરવામાં આવે છે ત્યારે સવારે સાંઈબાબા ની આરતી વખતે સાઈબાબા મંદિરમાં ઉદેપુર થી મગાવેલ ૧૦૧ કિલો માવાની કેક કાપી સાઈ નો જન્મોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી સાઈ મંદિર પરિસરમાં હોમ હવન કરી ભક્તોને મહાપ્રસાદનો લાભ લીધો હતો ભક્ત મંડળ દ્વારા મસ્ત મોટી સંખ્યા માં ભગવાન શ્રીરામ અને સાઈબાબા નગર યાત્રા મોડાસા શહેરના પંથકમાં ફેરવી રામનવમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી

## પ્રાંતિજના લીમલા શ્રી મહાકાલી મંદિર ખાતે આઠમની આરતીમા માઈ ભકતો ઉપસ્થિત રહ્યા





પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના લીમલા ખાતે આવેલ શ્રી મહાકાલી મંદિર ખાતે આઠમ ની આરતી યોજાઈ હજારોની સંખ્યામાં માઈ ભકતો ઉપસ્થિત રહ્યા. પ્રાંતિજ ના લીમલા-કતપુર રોડ ઉપર આવેલ શ્રી મહાકાલી માતાના મંદિર ખાતે આઠમ ની આરતીનુ આયોજન કરવામા આવ્યુ હતુ તો આઠમ ને લઈ ને મંદિર ખાતે વહેલી સવાર થીજ માઈ ભક્તોની ભીડ જોવા મળી હતી તો રાત્રીના આરતી મા હજારોની સંખ્યામા માઈ ભકતો ઉપસ્થિત રહ્યા હતા અને આઠમ ની આરતી નો લાભ લીધો હતો અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો દર વર્ષ ની જેમ આ વર્ષેપણ મંદિર વ્યવસ્થાપક કમિટી દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# પ્રાંતિજ ખાતે ગઠિયો વેપારીને ચુનો લગાવી ૩૦,૦૦૦ સરકી ગયો


પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ એક કોમ્પલેક્ષ આવેલ દુકાન માંથી એક ગઠિયો વેપારીને તરકીબ અપનાવી ૩૦,૦૦૦ સરકી ગયો તો વેપારી વાતોમા આવી જતા ૩૦,૦૦૦ ગુમાવવાનો વારો આવ્યો.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ એક કોમ્પલેક્ષ મા આવેલ દુકાન માલિક પાસે ગ્રાહક ના વેશમા આવેલ ગઠિયો તેની કલા કરી ગયો દુકાન માલિક પાસે ઘી લેવાગયો અને ઘી મા ૧૦૦ રૂપિયા ઓછાહોય વેપારીને પછી આપી જાઉછું કર્યુ હતુ પણ વેપારીએ ના પાડી અને પાછો દુકાન મા આવી કહેવા લાગ્યો કે હુ હિંમતનગર નોકરી કરૂ છુ અને ગોપીનાથ સોસાયટી મા મારુ મકાન આવેલ છે નોકરી જતા આપી જઉ છુ તેવુ કહેતા વેપારીને દયા આવી ઘી મા ૧૦૦ રૂપિયા બાકી રાખ્યા હતા ત્યારે તે દરમ્યાન વેપારીએ ૫૦૦ ની નોટો ગણતો હતો તો ગ્રાહક ના વેશમા આવેલ આ ગઠિયાએ વેપારી ને કર્યુ કે આ ૫૦૦ ની કેટલા ની નોટો થાય છે તો વેપારીએ કર્યુ કે ૩૦,૦૦૦ ની ૫૦૦ ની નોટો છે તો ગઠિયાએ વેપારી ને કયુ કે આ ૫૦૦ ની નોટો મને આપો તેના બદલામા હુ બે હજાર ની નોટો તમને આપુ છુ અને તમારા આ માણસ ને મોકલો મારી સાથે જેથી હુ તમારા આ ઘી ના બાકીના ૧૦૦ રૂપિયા તથા આ ૫૦૦ ની નોટા ના ૩૦,૦૦૦ પણ આપી દઉ મારુ મકાન ગોપીનાથ સોસાયટી માજ છે જેથી વેપારી ગઠિયા ની મીઠી વાતો મા આવી ગયો અને ગઠિયા ને ૩૦,૦૦૦ આપ્યા અને સાથે તેના નોકર ને મોકલ્યો તો ન ગઠિયો નોકર ને પોતાની સાથે લાવેલ એક્ટીવા પાછળ લઈ ને ગયો અને ગોપીનાથ સોસાયટી આવતા પહેલા નોકર ને ઉતારી કર્યુ આગળ તુ આવ સામેજ મારુ ઘર છે નોકર સાત ડગલા ભરતાજ ગઠિયો એક્ટીવા લઈ ને નોકર ને નીચે ઉતારી એક્ટીવા લઈ ને છુ થઈ ગયો હતો તો નોકર ને ખબર પડતા તાત્કાલિક દુકાન ઉપર આવી વેપારી ને જાણ કરી હતી પણ ગઠિયો તેની કરકીબ અપનાવી ૩૦,૦૦૦ લઈ ને છૂમંતર થઈ ગયો હતો ત્યારે વેપારી છેતરાયા હોવાનો એશાસ થયો હતો તો વેપારી દ્વારા આ અંગે પોલીસ ફરિયાદ પણ કરવામા આવી નથી ત્યારે અગાઉ ૨૦૨૧ મા પણ આજરીતે આ વિસ્તાર મા આવેલ એક કોમ્પલેક્ષ માંથી વેપારી ભોળવી ને ગઠિયો ૨૭૦૦૦ ચુનો લગાવી ગયો હતો તો આ ગઠિયો એક્ટીવા સાથે આજુબાજુ મા લાગેલ સીસીટીવી કેમેરા મા કેદ થયો છે ત્યારે અન્ય વેપારીઓ માટે શીખ સમાન ધટના છે તેમ કહીએ તો નવાઈ નહી

## પાવર લિફ્ટિંગ સ્પોર્ટ્સ એસોસિએશન, ગુજરાતના સેક્રેટરી તરીકે હેમા પિનાકીન ત્રિવેદીની વરણી : બ્રહ્મ સમાજનું ગૌરવ









અમદાવાદ તા.૩૧

પાવર લિફ્ટિંગ સ્પોર્ટ્સ એસોયિશન,ગુજરાત ના સેક્રેટરી તરીકે હેમા પિનાકીન ત્રિવેદી ની વરણી થવા પામેલ છે. પાવર લિફ્ટિંગ સ્પોર્ટ્સ એસોયિશન ,ગુજરાત ની એક વાર્ષિક સામાન્ય સભા તાજેતર મા મળી હતી. એસો.ના પદાધિકારીઓ ની વરણી ના એજન્ડા અન્વયે ચાલેલી કામગીરી માં હેમા ત્રિવેદી (રાયપુર અમદાવાદ) ની સેક્રેટરી તરીકે વરણી કરવામાં આવી હતી .આ પ્રસંગે ચુંટણી અધિકારી સહિત પાવર લીફ્ટિંગ ઈન્ડિયા ના પર્યવેક્ષક વિનોદ સાહુજી ઉપરાંત રાજ્ય ભરના જિલ્લા એસો.ની મહિલા સદસ્યો પણ ઉપસ્થિત રહી હતી. પાવર લીફ્ટિગ સ્પોર્ટસ એસો.ના સેક્રેટરી તરીકે ની અગત્ય ની કામગીરી સંભાળી લઈને ,વરણી થકી શ્રીમતી હેમા ત્રિવેદી એ સમસ્ત બ્રહ્મ સમાજ ને તથા મહિલા વર્ગ ને પણ ગૌરવ પ્રદાન કરેલ છે નોંધનીય છે કે,એસો ના પ્રેસિડેન્ટ તરીકે વિરલ પટેલ અને ટ્રેઝરર તરીકે ગોપિકા શાહ ની પણ સર્વાનુમતે વરણી થવા પામેલ છે ઉલ્લેખનીય છે કે, હેમા બહેન ના પતિ પિનાકીન ત્રિવેદી પહેલા આ એસો.ના સેક્રેટરી તરીકે સેવા આપી ચૂક્યા છે, અને હાલ તેઓ પાવર લીફટિંગ સ્પર્ધા નેશનલ રેફરી તરીકે ફરજ બજાવતા હોવાનું પણ જાણવા મળેલ છે.